## સેકટર-૧૬ ખાતેથી પીએસઆઈનું બાઈક ચોરાયું

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર શહેરના સેકટર-૧૬ ખાતે બ્રહ્મ ભવન ખાતે ગણેશ મહોત્સવ નિમિતે આયોજીત કાર્યક્રમ નિહાળવા માટે આવેલા પીએસઆઈના બાઈકની ઉઠાંતરી થવા પામી છે. શહેરના સેકટર-૩૦ ચેતક કમાન્ડો યુનિટ-૩માં પીએસઆઈ તરીકે ફરજ બજાવતા હિતેશકુમાર દવેના નામ પર જી.જે.૧૩.એન.-૭૩૦૮ નંબરનું બજાજ ડિસ્કવર બાઈક હતું. પીએસઆઈનું બાઈક લઈને તેમનો પુત્ર યજ્ઞેશ ગત તા.૩ સપ્ટેમ્બરના રોજ સે-૧૬ ખાતે બ્રહ્મભવન ખાતે ગયો હતો અને બાઈકમાં ચાવી ભુલી ગયો હતો. રાત્રીના પોણા નવા વાગ્યાના અરસામાં અંદર ગયેલો યુવાન સાડા બાર વાગ્યાના અરસામાં પરત ફર્યો હતો. ત્યારે સ્થળ પરથી બાઈક ગુમ હતું. થોડા દિવસ સુધી આસપાસના વિસ્તારમાં શોધખોળ કર્યા બાદ પણ ન મળી આવતા આખરે યુવકે બાઈક ચોરી અંગે સેકટર-૨૧ પોલીસ મથકે રૂ.૨૦ હજારના બાઈક ચોરી અંગે ફરીયાદ નોંધાઈ છે. ત્યારે પોલીસે ગુનો નોંધી બાઈક ચોરને પકડવા માટે તજવીજ શરુ કરી છે.

## ગાંધીનગર ખેલ મહાકુંભમાં દોઢ લાખ ખેલાડીઓના રજીસ્ટ્રેશન

ગાંધીનગર, તા. ૭

રાજય સરકારનાં રમત ગમત, યુવા, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત તથા જિલ્લા વહીવટી તંત્ર, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે ચાલુ વર્ષે પણ દર વર્ષ મુજબ ખેલમહાકુંભ-૨૦૧૯નું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ગાંધીનગર મહાનગરપાલિકા કક્ષાએ ૪૪,૫૦૩ અને ગ્રામ્ય કક્ષાએ ૧,૦૭,૫૫૫ ખેલાડીઓએ ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવ્યું છે.

જેમની શાળા/ગ્રામ્ય કક્ષાની સ્પર્ધાઓ તા. ૩ થી ૫ સપ્ટેમ્બર દરમ્યાન યોજાઈ હતી. તેમજ તાલુકા/ઝોન કક્ષાની સ્પર્ધાઓ તા. ૬ થી ૧૩ સપ્ટેમ્બર,૨૦૧૯ દરમ્યાન અને જિલ્લા કક્ષાની સ્પર્ધાઓ તા. ૦૬ થી ૨૨ સપ્ટેમ્બર,૨૦૧૯ સુધી જુદા જુદા નક્કી થયેલા સ્પર્ધાના સ્થળે ચાલું રેહશે. આ અંગેનો વિગતવાર કાર્યક્રમ ખેલ મહાકુંભની વેબસાઈડ www. khelmahakumbh.rog પર સ્પર્ધા શિડ્યુઅલ ઉપરથી મળી રહેશે. તેમજ વિવિધ જિલ્લા કક્ષાએ વિજેતા ખેલાડીઓ/ટીમે પોતાના રોકડ પુરસ્કાર/ઈનામનાં ફોર્મ તથા બેંકની માહિતી સત્વરે જિલ્લા રમત ગમત અધિકારીની કચેરી, સહયોગ સંકુલ, સેકટર-૧૧, ગાંધીનગરને મોકલવવાના રહેશે. વધુ માહિતી માટે જિલ્લા રમત ગમત અધિકારીની કચેરી, ગાંધીનગરનો ફોન નંબર-૦૭૯ ૨૩૨ ૪૦૩૨૪ પર સંપર્ક કરવા, જિલ્લા રમતગમત અધિકારીએ જણાવ્યું છે.



ચ-૩ પાસે શહેર ભાજપ દ્વારા ચાલતા સેવા કેન્દ્રની આજે રાજ્યના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ મુલાકાત લઈ અને આરતી તેમજ પૂજન અર્ચન કર્યા હતા. તેમની સાથે શ્રીમતિ રૂપાણી પણ જોડાયા હતા. ગઈકાલે ભીખુભાઈ દલસાણિયા તેમજ કેન્દ્રીય રાજયમંત્રી રૂપાલા પણ સેવા કેન્દ્રની મુલાકાત લઈ ગયા છે.



રમત-ગમત યુવક સેવા સાંસ્કૃતિ વિભાગ દ્વારા ખેલ મહાકુંભ-૨૦૧૯ અંતર્ગત પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજ ખાતે આઈ.આઈ.ટી. અને ચૌધરી કોલેજની બહેનો વચ્ચે વોલીબોલ મેચ યોજાઈ હતી. બંને મહિલા ટીમો દ્વારા ઉત્કૃષ્ટ પ્રદર્શન કરવામાં આવતા વોલીબોલની મેચ રસપ્રદ બની હતી.

## સે. ૨ સાર્વજનિક ગણેશ મહોત્સવ ખાતે ફિઝીયોથેરાપી કેમ્પનું આયોજન

૮ સપ્ટેમ્બરના રોજ વર્લ્ડ ફિઝીયોથેરાપી ડે તરીકે ઉજવવામાં આવે છે. ત્યારે યુનાઈટેબલ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સે. ૨-સી સાર્વજનિક ગણેશ મહોત્સવ ખાતે સવારે ૯ થી ૧૨ કલાક દરમ્યાન ડાયાબિટીસ અને ફિઝીયોથેરાપી કેમ્પનું આયોજન વિનામૂલ્યે કરવામાં આવેલ છે. તો આ કેમ્પના મોટી સંખ્યામાં લાભ લેવા ગણેશ મહોત્સવ સમિતિના પ્રમુખ બાંટીભાઈ અને યુનાઈટેડ ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ ડૉ. હાર્દિક તલાટીએ અનુરોધ કર્યો છે.

## પેથાપુર ચોકડીથી ડાલામાંથી ૮૫ પેટી વિદેશી દારૂ ઝડપાયો

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર નજીક આવેલ પેથાપુર ચોકડી પરથી પીકઅપ ડાલામાં લઈ જવાતો વિદેશી દારુનો જથ્થો પોલીસે પકડી પાડ્યો છે. પોલીસે ડાલામાંથી ૮૫ પેટી દારુ સાથે બે શખ્સોને પકડી પાડી કુલ રૂ.૬.૬૪ લાખનો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ પેથાપુર પોલીસ મથકના પીએસઆઈ એ.જી.એનુરકારની ટીમના કોન્સ્ટેબલ જયેન્દ્રસિંહને ખાનગી રાહે બામતી મળી હતી કે રાજકોટ પાર્સિંગના પીકઅપ ડાલામાં દારુની હેરાફેરી થવાની છે. જેને પગલે પોલીસે વોચ ગોઠવી હતી. તે સમયે રાત્રે બાતમી વાળુ ડાલુ જી.જે.૦૩.બી.વી.-૩૦૭૮ નજરે પડતા પોલીસે પકડી પાડ્યું હતું. પોલીસે ડાલામાં તપાસ કરતા ૮૫ પેટી વિદેશી દારુની મળી આવી હતી. તે ઉપરાંત ડાલામાં બેઠેલા બે શખ્સોને પણ પકડી પાડ્યા હતા. જેમાં રાજકોટના ખોડીયારનગરમાં હાજી વસાહતમાં રહેતા રાજેશ ગોંવિદભાઈ ચાવડા ઉં.વ.(૨૯) તેમજ હીતેશ કાળીદાસ કાપડી (ઉં.વ.૩૨ ) હોવાનું ધ્યાને આવ્યું હતું. પોલીસે પીકઅપ ડાલામાંથી ૮૫ પેટી, બોટલ કુલ નંગ ૧૦૨૦ મળી આવી હતી. પોલીસો રૂ.૩.૪૮ લાખનો વિદેશી દારુ, રૂ. ૩ લાખની કિંમતનું પીકઅપ ડાલુ, ૩ નંગ મોબાઈલ અને રોકડા રૂ. ૬ હજાર મળીને કુલ રૂ. ૬,૬૪,૫૦૦ ની કિંમતાનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. પોલીસે બંન્ને આરોપી સામે પ્રોહિ એકટ મુજબ ગુનો નોંધી દારુ કયાંથી લાવ્યા અને કોને પહોંચાડવાનો હતો તે દિશામાં તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

## ભારતમાં દર ૧.૯ મિનિટે એક ઈજાગ્રસ્ત વ્યક્તિનું મૃત્યુ થાય છે

અમદાવાદ, તા. ૭

ટ્રોમાસિકોન ૨૦૧૯ તરીકે જાણીતી ઈન્ડિયન એસોસિએશન ઓફ ટ્રોમાલોજી એન્ડ ક્રિટિકલ કેર દ્વારા ટ્રોમા કેરમાં નવમી નેશનલ કોન્ફરન્સનું આયોજન ગુજરાતનાં અમદાવાદમાં થયું છે. આ ત્રણ દિવસીય કોન્ફરન્સ ૬ સપ્ટેમ્બર, ૨૦૧૯નાં રોજ શરૂ થઈ છે અને ૮ સપ્ટેમ્બર, ૨૦૧૯નાં રોજ સંપન્ન થશે. આ કોન્ફરન્સનું આયોજન ઈન્ડિયન એસોસિએશન ઓફ ટ્રોમા એન્ડ ક્રિટિકલ કેર અને એસોસિએશન ઓફ અમદાવાદ સર્જન એન્ડ ગુજરાત સ્ટેટ સર્જન એસોસિએશન દ્વારા સંયુક્તપણે થયું છે. કોન્ફરન્સમાં ટ્રોમા પીડિતોની સારસંભાળ કરવા બહુશાખીય અભિગમમાં હાલનાં અને વિકસતાં પ્રવાહો પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે.

ઈન્ડિયન એસોસિએશન ઓફ ટ્રોમાટોલોજી એન્ડ ક્રિટિકલ કેર (આઈએટીસીસી)નાં પ્રેસિડન્ટ અને કોન્ફરન્સનાં ઓર્ગેનાઈઝિંગ સેક્રેટરી ડૉ. સંજય શાહે કહ્યું હતું કે, "વિકાસશીલ દેશોમાં ટ્રોમાનું પ્રમાણ ઝડપથી વધી રહ્યું છે અને જાહેર સ્વાસ્થ્યની મોટી સમસ્યા બની ગઈ છે. વિશ્વ આરોગ્ય સંસ્થાનાં રિપોર્ટ મુજબ, વિકાસશીલ દેશમાં વર્ષ ૨૦૨૦ સુધીમાં મૃત્યુદર માટે ત્રીજું સૌથી મોટું કારણ ટ્રોમા બનશે. ભારતમાં દર ૧.૯ મિનિટે એક ઈજાગ્રસ્ત વ્યક્તિનું મૃત્યુ થાય છે. સમસ્યાની તીવ્રતાને ધ્યાનમાં રાખીને ટ્રોમાનાં ક્ષેત્રમાં જાણકારી વધારવા તથા શિક્ષણ અને સંશોધન દ્વારા સચોટ સારવાર કરવા ગંભીર પ્રયાસો જરૂરી છે. ઈજાગ્રસ્ત દર્દીની સારવાર કરવા માટે વિવિધ શાખાઓનાં તબીબી નિષ્ણાતો વચ્ચે ટીમ વર્કની જરૂર છે. ટ્રોમાસિકોન ૨૦૧૯ વિશિષ્ટ મંચ છે, જે ટ્રોમા કેર માટે સંપૂર્ણ અભિગમ લાવે છે."





ગાંધીનગર નજીક ભાટ પાસે સાબરમતિ નદીમાં ગણેશ વિસર્જન સમયે બે યુવકોના ડુબી જવાથી મૃત્યુ નિપજ્યા છે. ત્યારે જિલ્લા વહીવટીતંત્ર દ્વારા જે સ્થળો પર ગણેશ વિસર્જન કરવામાં આવે છે તે તમામ સ્થળો પર સાવધાનના બેનર લગાવાયા છે. જેમાં નદીમાં પાણી ખુબ ઊંડુ છે. પાણીમાં ના ઉતરવા અને સહકાર આપવા અનુરોધ કરાયો છે. તે ઉપરાંત તમામ જગ્યાએ પોલીસનો ચુસ્ત બંદોબસ્ત પણ ગોઠવી દેવાયો છે.

### એરસ્પેશ

● અનુસંધાન પહેલાનું ચાલુ

રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ ૧૭મી સાપ્ટેમ્બાર સુધી આઈસલેન્ડ, સ્વિત્ઝર્લેન્ડ અને સ્લોવેનિયાની યાત્રા પર જઈ રહ્યા છે. રામનાથ કોવિંદ સોમવારથી ત્રણ દેશોની યાત્રા ઉપર પહોંચી રહ્યા છે. પાકિસ્તાનના વિદેશમંત્રી શાહ મહેમુદ કુરેશીએ કહ્યું છે કે, ભારતના રાષ્ટ્રપતિને પાકિસ્તાની એરસ્પેસના ઉપયોગની મંજુરી આપવામાં આવી નથી. આ નિર્મય ઉપર વડાપ્રધાન ઈમરાન ખાને મંજુરી આપી છે. તેમણે કહ્યું હતું કે, કાશ્મીરના મોરચા ઉપર તંગદિલીપૂર્ણ સંબંધોના લીધે આ નિર્ણય લેવામાં આવ્યો છે. જમ્મુ કાશ્મીરને ખાસ દરજ્જો ખતમ કરવામાં આવ્યા બાદ ઈમરાન ખાન સરકાર પર ત્યાંના વિરોધ પક્ષો અને કેટલાક મંત્રીઓ ઉપર ખુબ દબાણ લાવવામાં આવી રહ્યું છે. ભારત માટે પોતાના એરસ્પેસને પાકિસ્તાન બંધ કરે તેવી માંગ કરવામાં આવી રહી છે. અલબત્ત પાકિસ્તાને ભારત માટે પોતાના એરસ્પેસને પૂર્ણરીતે બંધ કરવાને લઈને હજુ સુધી કોઈ નિર્ણય લેવાયો નથી પરંતુ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદના વિમાનને મંજુરી નહીં આપીને પાકિસ્તાને પોતાના ઘાતક ઈરાદા જાહેર કરી દીધા છે. પાકિસ્તાન દ્વારા સંબંધ સુધારવાના કોઈ પ્રયાસ કરવામાં આવી રહ્યા નથી. કુરેશીએ કહ્યું છે કે, મોદી સરકાર દ્વારા કાશ્મીરના મુદ્દા પર કઠોર વલણ ગંભીર મુદ્દો છે. તે આને સંયુક્ત રાષ્ટ્ર માનવ અધિકાર પંચમાં પણ રજૂ કરશે. પુલવામા ત્રાસવાદી હુમલા બાદ ૨૬મી ફેબ્રુઆરીના દિવસે પાકિસ્તાનના બાલાકોટમાં જૈશે મોહમ્મદના સૌથી મોટા ત્રાસવાદી કેમ્પ પર ઈન્ડિયન એરફોર્સની કાર્યવાહી બાદથી પાકિસ્તાને પોતાના એરસ્પેસ બંધ કરવાનો નિર્ણય કર્યો છે. મોડેથી પાકિસ્તાને ૨૭મી માર્ચના દિવસે ભારત માટે પોતાના એરસ્પેસને આંશિકરીતે ખોલવાનો નિર્ણય કર્યો હતો. તે વખતે નવી દિલ્હી, બેંગકોક અને ક્વાલાલમ્પુર ખાતે ફલાઈટોને બાદ કરીને પાકિસ્તાને તમામ ફલાઈટો માટે પોતાના એરસ્પેસને ખોલવાની જાહેરાત કરી હતી.

### ક્રિકેટ પીચ.... ● છેલ્લા પાનાનું ચાલુ

અદ્યતન ક્રિકેટનુ મેદાન મળશે. આ કામગીરીને અનુલક્ષી હાલ પીચ તૈયાર કરવા માટે ગતિવિધિઓ હાથ ધરવામાં આવી છે. વરસાદી દિવસોના અંતે નવસારી પાસેના ગણદેવી તેમજ ચિખલી પાસેથી ખાસ માટી પણ આ મેદાન પર ઠાલવવામાં આવશે. જેના લીધે ક્રિકેટ પીચને વધુ અનુરૂપ બનાવી શકાય . ક્રિકેટ મેદાન તેમજ સ્ટેડિયમને અનુલક્ષી બે તબક્કામાં કામગીરી શરૂ કરવામાં આવી હતી. જયારે પ્રથમ તબક્કામાં સ્ટેડિયમની કામગીરી બાદ હવે પીચનુ કામ પણ આગામી દિવસોમાં પુરુ કરી દેવાતા નવુ સ્ડેડિયમ તૈયાર થઈ જશે.

### ગુજરાત અગ્રસ્થાને ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સ્વચ્છ દર્પણ અભિયાન હેઠળ ગુજરાતના ગ્રામ્ય વિસ્તારોમાં સ્વચ્છતા જાગૃતિ અંગેની શ્રેષ્ઠ કામગીરી થઈ છે. જેનો એવોર્ડ પણ આ સમારંભમાં મળ્યો હતો. પંચમહાલના સુશ્રી જમનાબેન રાઠવાને સ્વચ્છતા અંગેની દ્દષ્ટાંતરૂપ કામગીરી બદલ સ્વતંત્ર કેટેગરીનો એવોર્ડ મળ્યો છે. જામવંથલી સામુહિક આરોગ્ય કેન્દ્ર અને ખેડા ટોલ પ્લાઝાને પણ વિવિધ કેટેગરીમાં એવોર્ડ મળ્યા છે.

### મોરપીંછના રંગ ● ચોથા પાનાનું ચાલુ

એમની અંદર રહેલી ઈશ્વરિય શક્તિ, ઊર્જા અને સંવેદનાનો અનુભવ, એમના વ્યક્તિત્વ અને સ્વભાવમાંથી મળતો જીવનસંદેશ, તથા દેશની સભ્યતા-સંસ્કૃતિ અને ભાષાઓ પ્રત્યેની તેમની નિષ્ઠા અને તેમના મૂખેથી વહેતી અનુભવસિદ્ધ અસ્ખલિત વાણીમાં વહેવું એ મારા જીવનની શ્રેષ્ઠતમ ક્ષણો બની રહેશે.

સંપર્ક : ડૉ. શ્યામ સિંહ "શશિ" - ૦૧૧ – ૪૧૬૫૨૩૯૯/ ૨૭૮૬૨૪૬૧
- 9426060601.india@gmail.com

### સંકલ્પ પર

● અનુસંધાન પહેલાનું ચાલુ

હતી. લેન્ડર વિક્રમ ચન્દ્રની સપાટી પરથી માત્ર ૨.૧ કિલોમીટરના અંતરે હતુ. એ વખતે જ અચાનક લેન્ડરનો સંપર્ક તુટી ગયો હતો. તમામ સ્ક્રીન પર આવી રહેલા ડેટા એકાએક દેખાવવાનુ બંધ થઈ જતા નિરાશા વધી ગઈ હતી. વૈજ્ઞાનિકોના ચહેરા નિરાશામાં ડુબી ગયા હતા. આવી જ રીતે ટીવી પર નિહાળી રહેલા લોકો પણ નિરાશામાં ગરકાવ થઈ ગયા હતા. ચન્દ્રથી માત્ર ૨.૧ કિલોમીટરના અંતરે વિક્રમ લેન્ડરે ઈસરો સાથે સંપર્ક ગુમાવી દીધો હતો. સંપર્ક ગુમાવી દીધા બાદ નિરાશાના માહોલમાં ઈસરોના વડા કે. શિવને વડાપ્રધાન નરેન્દ્ર મોદીને આ સંબંધમાં વાત કરી હતી. તમામમાં એકાએક કોઈ નિરાશાજનક સમાચાર આવ્યાની બાબત ફેલાઈ ગઈ હતી. ત્યારબાદ ઈસરોના વડા શિવને પણ કહ્યુ હતુ કે તમામ પ્રક્રિયા છેલ્લી ઘડી સુધી નોર્મલ રીતે ચાલ્યા બાદ ચન્દ્રની સપાટી પરથી વિક્રમ લેન્ડર માત્ર ૨.૧ કિલોમીટરના અંતરે હતુ ત્યારે સંપર્ક ગુમાવી દીધો છે. ડેટામાં અભ્યાસની કામગીરી ચાલી રહી છે. સંપર્ક કપાઈ ગયા બાદ ચન્દ્રયાન લેન્ડ થયુ કે પછી ક્રેશ થયુ તે સંબંધમાં હાલમાં ભારે સસ્પેન્સની સ્થિતી બનેલી છે. ઈસરોના વડાએ કહ્યુ હતુ કે ઉતરાણ વખતે ખરેખર શુ થયુ તે બાબતમાં અભ્યાસની કામગીરી ચાલી રહી છે. રાત્રે બે વાગ્યા સુધી પણ કોઈ જાહેરાત કરવામાં આવી ન હતી. અત્રે નોંધનીય છે કે ૨૨મી જુલાઈના દિવસે ભારતીય સ્પેસ એજન્સી ઈસરોએ ચંદ્રયાન-૨ની સફળ લોન્ચિંગની સાથે જ એક નવો ઈતિહાસ રચી દીધો હતો. લોન્ચિંગ બાદ ચંદ્રની સપાટી ઉપર ઉતારવાના સૌથી મોટા મિશનની શરૂઆત થઈ ગઈ હતી. એક પછી એક પડકાર સફળ રીતે પાર પડી રહ્યા હતા. ચંદ્રયાન-૨ શ્રીહરિકોટાના લોંચ સ્થળથી ચંદ્ર સુધીની ત્રણ લાખ ૮૪ હજાર કિલોમીટરની યાત્રા ઉપર નિકળી ગયા બાદ ભારતની સાથે સાથે વિશ્વભરમાં ઈસરોએ પોતાનો ડંકો વધાર્યો હતો. ૧૩૦ કરોડ ભારતીયો લોંચની સાથે જ ગર્વથી અને ખુશીથી ઝુમી ઉઠ્યા હતા અને લોંચ બાદ ચન્દ્ર પર સફળ ઉતરાણને લઈને રાહ જોઈ રહ્યા હતા. જો કે આજે વહેલી પરોઢે પરિણામ અપેક્ષા મુજબના મળ્યા ન હતા. ચન્દ્રથી માત્ર ૨.૧ કિલોમીટરના અંતરે જ વિક્રમ લેન્ડરે ઈસરોનો સંપર્ક ગુમાવી દીધો હતો. ૨૨મી જુલાઈના દિવસે .લોન્ચિંગ બાદ ચંદ્રયાન માત્ર ૧૬ મિનિટ બાદ જ પૃથ્વીની સપાટીમાં સ્થાપિત થઈ ગયું હતું. લોન્ચ બાદ ચન્દ્ર પર ઉતરાણને લઈને ઉત્સુકતાપૂર્વક રાહ જોવામાં આવી રહી હતી ચંદ્રયાન-૨ને ભારતના સૌથી શક્તિશાળી રોકેટ જીએસએલવી માર્ક-૩થી લોંચ કરવામાં સફળતા મળી હતી. લોન્ચિંગ બાદ ચંદ્રયાન પૃથ્વીની સપાટીમાં પહોંચી ગયું હતું. લોન્ચિંગ બાદ ૧૬ દિવસ સુધી પૃથ્વીની ચારેબાજુ ફર્યા બાદ ચંદ્રની તરફ આગળ વધી ગયા બાદ ઉત્સુકતા વધારી દીધી હતી. આ ગાળા દરમિયાન ચંદ્રયાનની મહત્તમ ગતિ ૧૦ કિલોમીટર પ્રતિસેકન્ડ અને લઘુત્તમ ગતિ ત્રણ કિલોમીટર પ્રતિસેકન્ડ નોંધાઈ હતી.

### ભાવૂક બન્યા

● અનુસંધાન પહેલાનું ચાલુ

મુજબના આવ્યા નથી પરંતુ વૈજ્ઞાનિકોની અભૂતપૂર્વ મહેનત આમાં દેખાઈ રહી છે. તેમની મહેનત પર દેશ અને દુનિયાના લોકોને ગર્વ છે. તેમના ક્ષમતા અદ્ભભુત છે. તેમની કુશળતાની નોંધ આજે સમગ્ર દુનિયા લઈ રહી છે. ઈસરો કન્ટ્રોલ રૂમ સાથે સંપર્ક તુટી ગયા બાદ મોદીએ પોતાના સંબોધનમાં કહ્યુ હતુ કે તેઓ તેમની સાથે છે . હિમ્મતપૂર્વક આગળ વધવા મોદીએ અપીલ કરી હતી. હુ તમારી સાથે હ છુ તેમ મોદીએ કહ્યુ હતુ. મોદીએ પણ શાનદાર લીડર તરીકેની તેમની કુશળતા દર્શાવી હતી. તમામ નિરાશ થયેલા વૈજ્ઞાનિકોની હિમ્મત વધારી હતી. મોદી તે પહેલા ઉત્સુકતાપૂર્વક માહોલમાં વૈજ્ઞાનિકો સાથે ખુશખુશાલ દેખાઈ રહ્યા હતા.

### નલ સે જલ

● અનુસંધાન પહેલાનું ચાલુ

મળી ગઈ છે. માત્ર લક્ષ્યને પૂર્ણ કરવામાં આવ્યું નથી બલ્કે સમય કરતા સાત મહિના પહેલા લક્ષ્યને પૂર્ણ કરવામાં આવ્યું છે. આઠ કરોડ ગેસ કનેકશનના મામલામાં ૪૪ લાખ એકલા મહારાષ્ટ્રમાં છે. મોદીએ આના માટે દેશની તમામ બહેનોને શુભેચ્છા આપી હતી જે ધુમાડામાંથી મુક્ત બની ચુકી છે. તેમણે એમ પણ કહ્યું હતું કે, દરેક ઘર સુધી એલપીજી અને પાંચ કિલોના સિલિન્ડરને પહોંચાડવાના પ્રયાસ કરવામાં આવશે. ૧૦૦૦૦ નવા એલપીજી ડિસ્ટ્રીબ્યુટર તૈયાર કરવામાં આવ્યા હતા જેમાંથી મોટાભાગનાઓને ગામમાં રોકવામાં આવ્યા હતા. આ કામ માત્ર કનેક્શન આપવા સુધી મર્યાદિત નથી. આના માટે વધુ વ્યવસ્થા કરવામાં આવી છે. ખુબ જ ઈમાનદારી અને પવિત્રતા સાથે આ કામ કરવામાં આવ્યું છે. મોદીએ કહ્યું હતું કે, સરકાર બન્યાને ૧૦૦ દિવસની અંદર જ આ કામ પૂર્ણ થઈ ગયું છે. મોદીએ કહ્યું હતું કે, હવે દેશમાં એક પણ એવા પરિવાર રહેવા જોઈએ નહીં જેમના ઘરમાં એલપીજી કનેક્શન નથી. આની સાથે સાથે આ યોજનાને વધુ સુવિધાજનક બનાવવા માટે પાંચ કિલોના સિલિન્ડરને પ્રોત્સાહન આપવાની હિલચાલ ચાલી રહી છે. દેશના દરેક વિસ્તારોમાં પાઈપથી ગેસ પહોંચાડવાને લઈને પણ કામ ચાલી રહ્યું છે.

### આરબીઆઈ

● અનુસંધાન પહેલાનું ચાલુ

શકે નહીં. આરબીઆઈએ ૧૪મી ઓગસ્ટના દિવસે એક જાહેરનામુ જારી કરીને કહ્યું હતું કે, અમારા ધ્યાનમાં એવી વાત આવી છે કે, ટેકનિકલ કારણોસર અથવા તો એટીએમમાં રોકડ ન હોવાની સ્થિતિમાં બેંકો આવી ટ્રાન્ઝિક્શનને ફ્રી એટીએમ ટ્રાન્ઝિકશનની ગણતરીમાં ગણી લે છે. આરબીઆઈએ સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે કે, એવા એટીએમ ટ્રાન્ઝિકશન જે ટેકનિકલ કારણોસર જેમ કે હાર્ડવેર, સોફ્ટવેર, કોમ્યુનિકેશન સંબંધિત મુદ્દાઓના કારણે ફેઈલ થઈ જશે તેમને વેલિડ એટીએમ ટ્રાન્ઝિકશન ગણી શકાશે નહીં. બેંકો આ ફેઈલ એટીએમ ટ્રાન્ઝિક્શન પર ચાર્જ વસુલ કરી શકે નહીં.

ઈનવેલિડ ટ્રાન્ઝિકશનનો મતલબ એ છે કે તેમને બેંકો દ્વારા મળેલા ફ્રી ટ્રાન્ઝિક્શનની ગણતરી કરવી જોઈએ નહીં. અન્ય એટીએમ ટ્રાન્ઝિકશનને જે રોકડ નહીં થવાની સ્થિતિમાં, ઈનવેલિડ પીન નંબર અથવા તો વેલિડેશન અથવા સેવા આપનાર દ્વારા અસ્વીકાર કરવામાં આવે છે તેમને વેલિડ ટ્રાન્ઝિકશન તરીકે ગણી શકાશે નહીં.

### જાહેર નિવિદા

સરકારી આયુર્વેદ હોસ્પિટલ, સેક્ટર-૨૨, ગાંધીનગરની વર્ષ ૨૦૧૯-૨૦ની વાર્ષિક જરૂરિયાત માટે (૧) અનાજ કરિયાણું (૨) શાકભાજી (૩) દૂધ અંગેના વાર્ષિક કોન્ટ્રાક્ટ આપવાના હોઈ રસ ધરાવતા અધિકૃત વિક્રેતા / વેપારી પેઢીઓ / સખી મંડળો / સ્વ સહાય જુથો / સહકારી સંસ્થાઓ / સંઘો / મંડળો પાસેથી સીલબંધ કવરમાં ભાવો મંગાવવામાં આવે છે. આ માટેના નિયત કોરા ટેન્ડર ફોર્મ જાહેરાત પ્રસિદ્ધ થયેથી હોસ્પિટલ કાર્યાલયમાંથી રૂ. ૫૦૦/- (નોન રીફંડેબલ) જમા કરાવ્યેથી (રવિવાર કે જાહેર રજાના દિવસો સિવાય) કામકાજના કલાકોમાં તા. ૯/૯/૨૦૧૯થી તા. ૧૪/૯/૨૦૧૯ સુધી રૂબરૂ મેળવી શકાશે. ભરેલ ટેન્ડર ફોર્મ આર.પી.એ.ડી. / સ્પીડ પોસ્ટ / પોસ્ટથી સ્વીકારવાની છેલ્લી તા. ૨૦/૯/૨૦૧૯ના રોજ બપોરના ૧૨-૩૦ કલાક સુધીની છે. નિયત નમુના સિવાય તેમજ નિયત સમય મર્યાદા બહાર આવેલ ટેન્ડર ફોર્મ ગ્રાહ્ય રાખવામાં આવશે નહિ. ટેન્ડર તા. ૨૬/૯/૨૦૧૯ના રોજ બપોરે ૧૨-૩૦ કલાકે કમિટીની હાજરીમાં ખોલવામાં આવશે તે સમયે ટેન્ડર મોકલનાર હાજર રહી શકશે. કચેરીનો નિર્ણય બંધનકર્તા રહેશે.

વૈદ્ય પંચકર્મ વર્ગ-૧
સરકારી આયુર્વેદિક હોસ્પિટલ
સેક્ટર-૨૨, ગાંધીનગર

માહિતી/૧૦૬૮/૧૯-૨૦

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
Kisan
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ